તા.૧૦/૧૦/૨૦૨૧ સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ તથા કેટલાંક નિયંત્રણો અમલમાં રાખવાનું જણાવનાં આમુખ-૨ ની વિગતે તે અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

આમુખ-૩ની વિગતે રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર શહેરમાં તા.૧૦.૧૦.૨૦૨૧ના રાત્રિના ૧૨.૦૦ કલાકથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાક સુધી (દરરોજ રાત્રિના ૧૨:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી) રાત્રિ કર્ફ્યુ તથા રાજ્ય સરકારના તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમથી જાહેર કરાયેલાં અન્ય નિયંત્રણો તા.૧૦.૧૦.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી યથાવત રાખવા જણાવેલ છે.

આમુખ-૪ની વિગતે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ નિયંત્રણોની અવધિ તા.૧૦.૧૦.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી યથાવત રાખવા જણાવેલ છે. જેથી ગાંધીનગર શહેરમાં નાઈટ કર્ફ્યુ તા.૧૦.૧૦.૨૦૨૧ના રાત્રિના ૧૨:૦૦ કલાકથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી (દરરોજ રાત્રિના ૧૨:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી) જાહેર કરવામાં આવે છે. તથા અત્રેની કચેરીના તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમથી લાગુ કરવામાં આવેલ અન્ય નિયંત્રણો તા.૧૦.૧૦.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી યથાવત રહેશે.

ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિઓ માટે કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## -:: અમલવારીનો સમય ::-

આ હુકમથી ગાંધીનગર શહેરમાં મુકવામાં આવતા રાત્રી કર્ફ્યુ અને નિયંત્રણોની અમલવારી ગાંધીનગર શહેરમાં તા.૧૦/૧૦/૨૦૨૧ના રાત્રિના ૧૨:૦૦ કલાક થી તા.૧૦/૧૧/૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી (દરરોજ રાત્રિના ૧૨:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી) કરવાની રહેશે તથા ગાંધીનગર જિલ્લામાં મુકવામાં આવતા નિયંત્રણોની અમલવારી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા.૧૦/૧૦/૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૦/૧૧/૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

## -:: અપવાદ ::-

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહીં.

## -:: શિક્ષા ::-

આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act ૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ, ઇન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ તથા The Disaster Management Actની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

District Magistrate Gandhinagar * Gandhinagar District *

